Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૪૫ · તા. ૦૧ થી ૦૭ નવેમ્બર ૧૪ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

શુભ ।। અનંત ચૌવિશી જિન નમો ।। લાભ

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ દ્વારા આયોજિત સન્માન સમારોહ











પ. પૂ. મુનિરાજ ગુણવલ્લભસાગરજી મ.સા.ના. શબ્દોમાં સમસ્ત દુનિયાના જૈન શાસનના ઈતિહાસમાં પ્રથમ વાર નગરત્રયમાં વિરાજીત પરિવારજનોમાં જેમને પણ દિક્ષા અંગીકાર કરેલ હશે તેમના માતા - પિતાનું સન્માન શનિવાર તારીખ ૬ સેપ્ટેમ્બર ૨૦૧૪ ના રાતના ૯ વાગ્યાથી શ્રી શાંતિનાથ જિનેશ્વરધામ મંદિર કાચીગુડામાં રાખવામાં આવેલ. એનો લાભ શ્રી કુલપાકજી તીર્થયાત્રી સંઘના કાયમી સંઘપતિ પરિવાર માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર (મોટા લાયજા હાલ મુંબઈ) એ લીધો. શ્રીફલ, હાર, ચાંદીનો સિક્કો, રૂા. ૧૦૦૦/- રોકડનું કવર તથા ટ્રાવેલીંગ સુટકેસ જેમાં (આશરે રૂા. ૩૦૦૦/- થી રૂા. ૩૫૦૦૦/- કીંમતની) વિવિધ વસ્તુઓ હતી તે આપવામાં આવી.

ટોટલ વીસ પરિવારનું સન્માન કરવામાં આવેલ. પ્રત્યેક પરિવારની વિવિધ વિશિષ્ટતા હતી. આજ થી ૭૦ વર્ષ પહેલા હેદરબાદમાં પ્રથમ દિક્ષા અંગીકાર કરેલ તેલુગુ પરિવારના વડીલનો પણ સમાવેશ થાય છે.

કાયમી સંઘપતિના પ્રતિનિધિ રૂપે માતુશ્રી દેવકાબેન વિરચંદ નરશી લોડાયા જાગીરદાર પરિવારની હાજરી ઉલ્લેખનીય હતી.

તું નોખી
તું અનોખી
તું
સમસ્ત વિશ્વનું
ગૌરવ!!!





# હાર્દિક અભિનંદન



## ચિ. શ્રુતિ અતુલ ડાગા
(વરાડીયા - હાલ ચેન્નઈ)

ચિ. શ્રુતિ ઉચ્ચ અભ્યાસાર્થે ઓસ્ટ્રીયા જવા રવાના થયેલ છે.
તેમને પ્રતિષ્ઠિત સંસ્થા તરફથી
(Moleculor Biology) Acute Myeloid Leukemia)
'બ્લડ કેન્સર' ના વિષય પર વધુ સંશોધન અને ડૉકટરેટ Ph.D
કરવા માટે સ્કોલરશીપ આપવામાં આવેલ છે.
તેમનું આ સંશોધન સમસ્ત માનવજાત માટે આશીર્વાદ સમાન નિવડશે.
કોઈ એક પરિવાર, સમાજ કે પ્રદેશની સીમાથી પાર આ સમસ્ત વિશ્વનું ગૌરવ છે.
સખત પરિશ્રમ, પુરૂષાર્થ, સાહસનું આ પરિણામ છે.
શુભેચ્છા અને આશીર્વાદ સાથે.....

**શુભેચ્છક**

સૌ.મીના પ્રવીણ ડાગા અને સૌ. ચેતના અતુલ ડાગા
માતુશ્રી વિજયાબેન મણીલાલ સોનાવાલા (નલીયા- હુબલી)
સૌ. અનીતા ગીરીશ લક્ષ્મીચંદ દંડ (લાલા - અમદાવાદ)
સૌ. મિતા ધર્મેશ રમેશ નાગડા (નલીઆ - કોચીન)
સૌ. નીનાબેન રાજેશ રમેશ શાહ (રાજકોટ)

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 45/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## તંત્રી સમીપે

# સમસ્ત મહાજન દૃઢતાપૂર્વક પગલાં લઈ પડકાર ઝીલશે...?

હવે જ્યારે મુંબઈ મહાજનના અધિકારીઓએ અનંતનાથજી ટ્રસ્ટ, મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિ અને શિક્ષણ પ્રસારક સમિતિ પર પ્રતિનિધિત્વ અંગેની ચુંટણીઓ ૨૮ ડિસેમ્બર ૨૦૧૪ ના યોજવાની જાહેરાત કરી છે ત્યારે એટલું તો સ્પષ્ટ થઈ ગયું છે કે તેમણે બીજા અર્થમાં આગામી ૨૬ થી ૨૮ ડિસેમ્બરના રાયપુર ખાતે યોજાનાર જ્ઞાતિ સમેલનનો બહિષ્કાર કરવાનું પણ એલાન કરી દીધું છે !

છેલ્લા એકાદ વર્ષથી સમસ્ત મહાજને આ સંમેલન બોલાવવાની જાહેરાત કરવાની સાથે સાથે જ્ઞાતિના સર્વ મહાજનો અને સંસ્થાઓને વખતો વખત ભલામણ કરી છે કે સંમેલનના ઉક્ત દિવસો દરમ્યાન પોતાના કાર્યક્રમો ન યોજવા પરંતુ આવી ભલામણો કે સૂચનોને ઘોળીને પી જઈને મુંબઈ મહાજનના અધિકારીઓએ સંમેલન સાથે ટકરાય તેવી રીતે ચૂંટણીઓ યોજી છે તેમાં તેમની બાલિશતા કરતાં પણ સામાજીક સૌજન્યતા અને નૈતિક મૂલ્યો વિષયક કંગાળ નાદારી છતી થઈ છે તેમ કહીએ તો તે કદાચ અલ્પોકિત ગણાશે.

દર વર્ષે ડિસેમ્બરમાં કચ્છમાં સમૂહ લગ્નો યોજતા શાંતિજિન જાગૃતિ ગ્રુપે સમસ્ત મહાજનની વિનંતીઓને ઉપયુક્ત આદર આપીને આ વર્ષે આ લગ્નોત્સવ ૭ ડિસેમ્બરના યોજવાનું ચારેક મહીના પહેલાં નિયત કર્યું તેની ભારોભાર પ્રશંસા કરીએ ત્યારે બીજી બાજુ મુંબઈ મહાજન ૧૪ કે ૨૧ ડિસેમ્બરના ઉક્ત ચૂંટણીઓ યોજી શક્યું હોત, પરંતુ તેના અધિકારીઓએ સમસ્ત મહાજનને જ્ઞાતિની એક કેન્દ્રીય સંસ્થા કરતાં પણ સમગ્ર જ્ઞાતિનો અને તેમાં પણ સમગ્ર જ્ઞાતિના વિવિધ વિસ્તારોના જ્યેષ્ઠ વડિલો અને યુવા કાર્યકરોની જ્ઞાતિદાઝનું ઘોર અપમાન કરવાનું ઠાની લીધું હોય તે રીતે આમ ધરાર ૨૮ ડિસેમ્બર પર મ્હોર લગાડીને સઘળો વિનય - વિવેક નેવે મુકીને પાંચેક વર્ષ પહેલાં જોરશોરથી પોકારાતા ''દશાઓની નવી દિશા''ના તેમના પોતાના જ સૂત્રની તેમણે ખરેખર અવદશા કરી છે તેમ કહીએ તો તેમાં ઘણું બધું આવી જાય છે.

અલબત્ત, આ ચુંટણીઓની જાહેરાતને અધિકૃતતા આપવા મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિએ જાણે ઉપયુક્ત ઠરાવ પસાર કર્યો હોય તેવી મિનિટસની નોંધ કરાઈ હશે પરંતુ હકીકતમાં વ્યવસ્થાપક સમિતિના અધિકાંશ સભ્યોએ આ અધિકારીઓના વિચારો કે નિર્ણયો સામે સભામાં એક હરફ ઉચ્ચારવા કે અન્ય સૂચન કરવાની છેલ્લાં પાંચેક વર્ષમાં તસુભાર પણ નૈતિક હિંમત બતાવી હોય તેવું બન્યું નથી. એટલે જ આ અધિકારીઓએ પોતાના વ્યક્તિગત દ્વેષયુક્ત પૂર્વગ્રહોને કાર્યાન્વિત કરવા મુંબઈ મહાજનના મંચનો સરેઆમ દૂરોપયોગ કરી સમસ્ત મહાજન જેવા વડીલ મહાજનની વિનંતિને ઠોકર મારતાં કોઈ અચકાટ અનુભવ્યા વિના ચૂંટણીઓ માટે આ તારીખ જાહેર કરી છે તે સ્પષ્ટ દેખાઈ આવે છે.

એટલો જ, એક કૌટુંબિક ધંધા - વ્યવસાયમાં સાતેક વર્ષ પહેલાં ઊભા થયેલા ખટરાગ - વિખવાદના અનુસંધાનમાં પ્રતિશોધ લેવા અને એકબીજાની સામાજિક કારકિર્દીઓને પ્રતિસ્પર્ધાનું સ્વરૂપ આપીને વખતો વખત લાગ શોધવાના દાવપેચ રૂપે ચૂંટણીઓની ઉક્ત તારીખ નિયત કરાઈ છે તેટલું કહીએ તો તે પૂરતું નથી, પણ જ્યાં આપણા વીસ તીર્થંકરો નિર્વાણ પામ્યા એ તીર્થના યાત્રા - પ્રવાસમાં આગવી રીતે પ્રણેતા બનનાર ઉક્ત કૌટુંબિક ધંધા - વ્યવસાયમાં આ વિખવાદ સર્જાયો અને છેલ્લાં પાંચક વર્ષમાં તે પ્રત્યક્ષપણે જ્ઞાતિ પ્રવૃત્તિઓમાં સઘનપણે છવાઈ રહ્યો છે તે પણ જ્ઞાતિની એક કરૂણ વાસ્તવિકતા છે તેમ ઉમેરવું પડે છે.

મુંબઈ મહાજનના અધિકારીઓએ એકાદ વર્ષ સુધી સંમેલન મુલતવી રાખવા સુચન કર્યું છે. તેમણે નવી મુંબઈમાં મહાજનવાડી અને અતિથિગૃહનું અને વી. લ. વિદ્યાર્થીગૃહને નવા સંકુલનું નિર્માણ કરવા થનાર ખર્ચ પરત્વે જ્ઞાતિએ અગ્રતા આપવી જોઈએ એવું કારણ આપ્યું છે. અલબત્ત, આ કારણો પ્રતીતિજનક નથી. એક રીતે જોઈએ તો જ્ઞાતિમાં જે જે મૂખ્ય દાતાઓ છે, તેઓ વિવિધ વિભાગોમાં વહેંચાયલા છે. એટલે જેઓ શૈક્ષણિક અનુદાન આપવામાં માને છે તેઓ અન્ય હેતુઓ માટે જવલ્લે જ મોટા અનુદાન કરે છે. તેવી જ રીતે, જેઓ ધાર્મિક કે ભલારા દાદા જેવા અન્ય આસ્થામાં ઊંડી શ્રધ્ધા ધરાવે છે તેઓ શૈક્ષણિક ક્ષેત્રે પણ અનુદાન આપતા હોય તેમની સંખ્યા જુજ છે. એટલે જ, વી. લ. વિદ્યાર્થીગૃહના સંચાલકો પણ જાણે છે કે સંમેલન કે અન્ય પ્રવૃતિઓના ખર્ચ માટે ફાળો નોંધાવનાર જ્ઞાતિજનોનો એક જુદો જ વર્ગ છે અને તેમના શૈક્ષણિક દાતાઓ અધિકાંશે આ સંમેલન માટે મોટો ફાળો નોંધાવશે નહીં. આ પ્રમાણે જ, નવી મુબઈમાં મહાજનવાડી અને અતિથિગૃહ નિર્માણ માટે શૈક્ષણિક કે ધાર્મિક દાતાઓ વધારે ઉત્સુક હોય તેવું નહીં બને. જ્યાં સુધી મુંબઈ મહાજન દ્વારા અતિથિગૃહ માટે થનાર ખર્ચનો સવાલ છે ત્યાં સુધી છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન અનેકાનેક પ્લેટીનમ, ગોલ્ડન કે સીલ્વર દાતાઓની લાંબી યાદી છે અને અનંતછાયાના વેચાણમાંથી મળેલ રકમના કોર્પસ કે વ્યાજમાંથી, ચેરીટી કમીશ્નરની પરવાનગી લઈને, યોગ્ય ઉપયોગ કરી શકાય છે. અલબત્ત, આ પ્લેટીનમ અને અન્ય દાતાઓએ નોંધાવેલા અનુદાનોમાંથી આ અગાઉ ટુકડે ટુકડે રકમો મળી છે. પણ હવે કેટલાક દાતાઓએ એ વચનપુર્તિ નિભાવવા અશક્તિ પ્રદર્શિત કરી છે તેમાં મહાજનના અધિકારીઓની કાર્યપદ્ધતિ જ મુખ્યત : જવાબદાર છે. આને લીધે જ અતિથિગૃહના ભૂમિદાતાઓ પણ બાંધકામ માટે વિશેષ રકમ આપવાની તેમની એક વખત દર્શાવેલ ઈચ્છા અંગે હવે ઉત્સુક રહ્યા નથી તે એક જુદી વાત છે. અત્યાર સુધી મુંબઈ મહાજને કર્જતમાં ચંગ તરંગ જેવા ૪૦ થી ૫૦ લાખ જેટલી રકમ ખર્ચીને કરેલ વૈભવશાળી આયોજનો અને અન્ય પ્રવૃતિ - કાર્યક્રમોમાં લાખો રૂપિયા વેડફાયા છે તેમ આ દાતાઓ જ હવે કબૂલી રહ્યા છે. આ આયોજનોના આવક - જાવકની રકમો કેટલી માત્રામાં ચોપડાઓમાં દર્શાવાઈ છે અને નાની - મોટી ભેટ - સન્માનની વસ્તુઓ અને જમણવારો પાછળ કેટલી મોંઘી ચૂકવણીઓ થઈ છે તે પણ આ દાતાઓની જાણમાં છે જ. એટલે રાયપુરમાં સંમેલન માટે ૬૦ - ૬૫ લાખ વ્યર્થમાં ખર્ચાઈ જશે તેવી કાગારોળ મુંબઈ મહાજનના અધિકારીઓને હાંસીપાત્ર ઠેરવે છે તેમાં કોઈ બેમત નથી. ઉલ્ટું, ઉપર જણાવ્યા પ્રમાણે વ્યક્તિગત દ્વેષ અને અનંતનાથજી ટ્રસ્ટની ઓર એક મિલકતનું વેચાણ કરવાની તેમની સંભવિત યોજનામાં જ્ઞાતિ સંમેલન અડચણરૂપ ન થાય તે હેતુસર આ બહિષ્કારનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું છે તે રીતની પડદા પાછળની ભૂમિકા હોવાનું જ્ઞાતિજનો માની રહ્યા છે તે વાત સાવ બીનપાયદાર જણાતી નથી.

આમ મુંબઈ મહાજને સંમેલનમાં ભાગ લેવા વિષયે દેખીતા કારણોસર મુંબઈના જ્ઞાતિજનોની સામાન્ય સભા બોલાવી નથી અને ૨૮ ડિસેમ્બરના ચુંટણીઓની જાહેરાત કરીને મુંબઈના જ્ઞાતિજનો પર પોતાની દ્વેષયુક્ત

મનમાની કે જોહુકમી થોપી દીધી છે તેવી પરિસ્થિતિમાં સમસ્ત મહાજન કરતાં પણ જ્ઞાતિએ એટલે કે સમગ્ર જ્ઞાતિજનોએ પોતાના મહાજન કે એકમ જેવા એકાંગી દૃષ્ટિકોણને બદલે વિશાળ જ્ઞાતિહિતના વ્યાપક સ્તર પર અને તે પણ ભવિષ્ય માટે પૂર્વદૃષ્ટાંત રૂપે કેવી કાર્યવાહી કરવી જોઈએ તે મુદ્દો હવે સર્વાધિક અગત્યનો બન્યો છે.

એ રીતે, પ્રથમ તો સમસ્ત મહાજન જેવી જ્ઞાતિના સર્વ મહાજનો અને સંસ્થાઓ વચ્ચે સંકલનકારી ભૂમિકા નિભાવવા ઉપરાંત જ્ઞાતિજનોમાં અરસપરસ વિચાર - વિમર્શના આદાન - પ્રદાન થાય અને જ્ઞાતિમાં સર્વાંગી એકસૂત્રતા જળવાય તેવા ઉમદા ઉદ્દેશો ધરાવતી એક કેન્દ્રીય સંસ્થાની આવશ્યકતા વિષે મોટા પ્રમાણમાં બહુસંખ્ય જ્ઞાતિજનો એકમત છે અને છેલ્લાં સાતેક વર્ષોમાં સમસ્ત મહાજનના અધિકારીઓએ વિવિધ વિસ્તારના જ્ઞાતિજનોને વખતો વખત અન્યોન્ય વચ્ચે વિચાર - સૂચનોની આપ-લે માટે મંચ પૂરો પાડીને નિકટ આણ્યા છે અને અનેક યુવા કાર્યકરોને વિશાળ જ્ઞાતિહિતમાં ખભેખભા મિલાવી પ્રવૃત થવા પ્રેર્યા છે ને પ્રવૃત પણ કર્યા છે તે ઉપલબ્ધિને બિલકુલ ઓછી આંકવી ન જોઈએ.

એટલો જ, મુંબઈ મહાજનના અધિકારીઓની આ આપખુદી હરકતોને લીધે જ્ઞાતિનો બહુમત વિચારશીલ વર્ગ એવું ઈચ્છી રહ્યો છે કે પોતપોતાના ટસ્ટ્રી, પ્રતિનિધિઓ અને મહાસમિતિના સભ્યો દ્વારા જ્ઞાતિના સર્વ મહાજનો સર્વ સંમંતિથી જ્ઞાતિ સમેલન બોલાવવાનું એક વખત નક્કી કરે અને તેને લગભગ એક વર્ષ સુધી સમર્થતા આપતા રહે અને યજમાન મહાજન તેની પાયાની સર્વ પૂર્વ તૈયારી કરી ચૂક્યું હોય અને તે પછી અચાનક કોઈક મહાજનનોના અધિકારીઓ, પોતાના વિસ્તારના જ્ઞાતિજનોની સામાન્ય સભા બોલાવ્યા વિના, મનસ્વી નિર્ણય લઈને સંમેલનમાં સહભાગી થવાનો ઈન્કાર કરે અને તો પણ પોતાના મહાજનના સભ્યોના સંખ્યાબળ કે આર્થિક અધિકપણાના જોરે તે પ્રકારની જોહુકમી અને અન્ય મહાજનો અને સમસ્ત મહાજનના અધિકારીઓને પછાડવા કે નીચાજોણું કરાવવા જેવા ઉધામાઓને જ્ઞાતિ બિલકુલ સાંખી ન શકે તેવું ભવિષ્ય માટે સ્પષ્ટ સંદેશ આપતું સખત વલણ અપનાવી પ્રાયોજિત સંમેલનને કરકસર યુક્ત આર્થિક સાધનોની મર્યાદામાં રહીને પણ એક - દોઢ દિવસ માટે પણ બોલાવવાનો દૃઢ નિર્ધાર સમસ્ત મહાજનના અધિકારીઓએ આ તબક્કે કરવો જ જોઈએ અને આગામી ૯ નવેમ્બરના મળનાર ટ્રસ્ટબોર્ડ અને મહાસમિતિની સભાઓમાં તેને અમલમાં મુકવો જ જોઈએ. અન્યથા, ભવિષ્યમાં સંમેલન બોલાવવાની બાબતને જ્ઞાતિજનો ક્યારે પણ વિશ્વસનીય ગણશે નહીં અને કોઈ પણ મહાજન કે મહાજનો યૂતિ રચીને છેલ્લી ઘડીએ પણ સંમેલનમાં ભંગાણ કે વિક્ષેપ સર્જી શકે તેવા રાજકારણી દાવપેચોને ઉત્તેજન મળતું રહેશે.

આ દૃષ્ટિએ, સમસ્ત મહાજનના અધિકારી વર્ગે તેમના મનમાં તેઓ લગીરે પણ પ્રતિષ્ઠાનો મુદ્દો રાખતા નથી અને એક ગંભીર જવાબદારી નિભાવ્યા વિના તેમની પાસે અન્ય વિકલ્પ નથી તેવી વિચારસરણીથી અને પૂરેપૂરી વિનમ્રતાથી પણ મક્કમપણે અને જરૂર પડે તો સંમેલનના સ્થળ અને મુદત બદલીને પણ સંમેલન બોલાવવાના નિર્ણયને વળગી રહેશે તો જ સૌ તટસ્થ જ્ઞાતિજનોને સંતોષ થશે એ ચોકકસ છે.

જો કે સમસ્ત મહાજન, મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટમાં હવે નવા પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ અને પ્રતિનિધિઓ આવતા ૫ - ૬ વર્ષ માટે નજીકના ભવિષ્યમાં ચૂંટાશે એટલે આ સંમેલન એકાદ વર્ષ માટે મુલતવી રહેવું જોઈએ જેથી આ ત્રણે સંસ્થાઓમાં ચૂંટાયેલ નવા સભ્યો, અધિકારીઓ અને ટ્રસ્ટીઓ એકબીજા સાથે સંકલનલક્ષી કાર્યવાહી કરી જ્ઞાતિ માટે ભવિષ્યની કાર્યસૂચિને આકાર આપી સુરેખ દિશા દોરવણી રજૂ કરી શકે તેવો અભિપ્રાય

ધરાવતો પણ એક વર્ગ છે. પરતું એક વર્ષ પછી અત્યાર જેવી પરિસ્થિતિ નહીં સર્જાય તેમ ખાતરીપૂર્વક કહી શકાય નહીં. આ ઉપરાંત, સમસ્ત મહાજનના અત્યારના જે ટ્રસ્ટીઓ અને અધિકારીઓ છે તેમની પાસે જ્ઞાતિમાં વારંવાર ઊભી થતી સમસ્યાઓને હલ કરવાનો અનુભવ છે અને સાથે સાથે તેમણે અત્યાર સુધી જે ભૂલો કરી છે તેમાંથી તેમણે પદાર્થ પાઠ પણ મેળવ્યો છે. તેથી, આ તબકકે પણ જ્ઞાતિમાં જે કટોકટી સર્જાઈ છે તેમાંથી જ્ઞાતિહિતમાં સુયોગ્ય માર્ગ કાઢવા તેઓ સક્ષમપણે કાર્યવાહી કરી શકે તેમ છે અને તેવો માર્ગ અવશ્યપણે તેઓ કાઢી શકશે એવો બહુમત જ્ઞાતિજનોને તેમનામાં વિશ્વાસ પણ છે. એટલે, સંમેલન એક વર્ષ લગી મુલતવી રખાશે તો જ્ઞાતિમાં અનિશ્ચિતતાનો દોર લંબાવવાથી સમસ્ત મહાજનના વર્તમાન ટ્રસ્ટીઓ અને મહાસમિતિના સભ્યોના ઉત્સાહ અને જુસ્સો મોળા પડી જશે તેવી સંભાવના વધારે છે.

આ માટે, અત્રે એ પણ નોંધનીય રહેશે કે સમસ્ત મહાજનના બંધારણમાં એવી કોઈ જોગવાઈ નથી કે સંબંધિત મહાજન પોતાના વિસ્તારમાંથી સંમેલનમાં પ્રતિનિધિ મોકલવા બાબતે પોતાના જે સભ્ય જ્ઞાતિજનની નિમણુક કરે તે જ જ્ઞાતિજન ઉક્ત સંમેલનમાં અધિકૃત પ્રતિનિધિ બની શકે છે. એટલે જે રીતે કોઈ મહાજન પોતાના વિસ્તારમાં મહાસમિતિના પ્રતિનિધિ તરીકે પૂરતી સંખ્યામાં નિમણુંક ન કરે અથવા બિલકુલ નિમણુંક ન કરે તેવા સંજોગોમાં સમસ્ત મહાજનનું ટ્રસ્ટબોર્ડ તે મહાજનમાંથી કોઈ પણ જ્ઞાતિજનનોને મહાસમિતિ પર નિમણુક કરી શકે છે તે રીતે જ સંમેલનમાં વિવિધ મહાજનો માટે બંધારણની જોગવાઈ મુજબની સંખ્યા-મર્યાદામાં રહી યોગ્ય સંજોગોમાં સંમેલનના પ્રતિનિધિઓની નિમણુંક કરવા બાબતે સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડને કોઈ બંધારણીય બાધ નથી. આ રીતે સમસ્ત મહાજનના અધિકારીઓએ મુંબઈ, હુબલી અને અન્ય જે કોઈ મહાજનમાંથી સંમેલનના પ્રતિનિધિઓની નિમણુંક ન કરાઈ હોય તેવા મહાજનોના અને અન્ય સંબંધિત વિસ્તારના જ્ઞાતિજનોને એટલે કે ટૂંકમાં સમગ્ર જ્ઞાતિને સમસ્ત મહાજનનો સીધા સંપર્ક કરવા ખુલ્લું જાહેર આમંત્રણ આપીને સંમેલન માટે પ્રતિનિધિઓ નિમણુંક કરવાની કાર્યવાહી નો વિના વિલંબે પ્રારંભ કરી સંમેલન યોજવા વિશે કોઈ જાતની શંકા ન રહે તેવા દૃઢ નિર્ધારનો વિશ્વાસ જ્ઞાતિજનોમાં જગાવવો જોઈએ.

એટલે જ, રાયપુર મહાજન સંમેલન યોજવા ભલે અવઢવમાં હોય તો યે સમસ્ત મહાજનના અધિકારીઓએ પોતાના દૃઢ નિર્ણયના અનુરૂપમાં રાયપુર મહાજન તૈયાર હોય તો ૨૫-૨૬ ડિસેમ્બરના રાયપુરમાં અથવા તો ૨૫ ડિસેમ્બરના એક દિવસ માટે પણ મુંબઈમાંજ રાયપુર મહાજનના યજમાન પદે વીસેક લાખના મર્યાદિત બજેટમાં સંમેલન બોલાવીને ન કેવળ મુંબઈના બહુસંખ્ય જ્ઞાતિ સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ અનો જ્ઞાતિજનો અને અન્ય મહાનગરો, શહેરો અને દેશાવરોના અનેકાનેક જ્ઞાતિ અગ્રણીઓ અને જ્ઞાતિજનો દ્વારા પણ એકાદ વર્ષથી સેવાતી રહેલી જ્ઞાતિ મિલનની પ્રતીક્ષા અનો આકાંક્ષાઓની પૂર્તી કરવી જોઈએ અને અગાઉ અત્રે નોંધ્યું છે તે પ્રમાણે સમસ્ત મહાજનને સન્માનીયતા બક્ષે તેવા બંધારણીય સુધારાઓ અને બંને જ્ઞાતિઓના એકીકરણ કે વિલીનીકરણને પાછલી તારીખથી માન્યતા આપવા અને ભાવિ દશકાઓ માટે સુરેખ દિશા સૂચન કરતા ઠરાવો પસાર કરીને સંમેલનને બહુઆયામી સફળતા અપાવવી જોઈએ.

જો આમ નહીં થાય તો સમસ્ત મહાજન પણ આજથી પંચાવનેક વર્ષ પહેલાં મધ્યસ્થ મહાજનનો જે રીતે વીંટો વળી ગયો હતો તેમ જ્ઞાતિ ઈતિહાસની સંદુકમાં તાળાબંધ થઈ જશે તે નિશ્ચિત નહીં પણ સુનિશ્ચિત છે.

**- રા.**

卐 ।। श्री कुंथुनाथाय नमः।। 卐

## श्री छत्तीसगढ़ कच्छी दशा ओसवाल जैन ज्ञाति संघ (महाजन)

**चतुर्थ ज्ञाति सम्मेलन : 26,27,28 दिसम्बर 2014**

| महाजन प्रमुख : | सम्मेलन प्रमुख : | सम्मेलन व्यवस्था प्रमुख : |
|---|---|---|
| **तरुण शीवजी शाह** | **चंद्रेश वीरचंद शाह** | **प्रवीण माणेकजी मैशेरी** |
| फोन : 0771-2525172 | फोन : 0771-2292573 | मोबा. : 094252-02203 |
| मोबा. : 098933-13558 | मोबा. : 094252-13540 | 094255-01020 |

## સંમેલન સંબંધે શ્રી. ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈને જાહેર પત્ર

પ્રતિ શ્રીમાન અધ્યક્ષ/સચિવ (મંત્રી)

જય જિનેન્દ્ર,આશા છે આપ સર્વે રાજી ખુશી હશો. સર્વેને નૂતનવર્ષાભિનંદન, શુભકામનાઓ.

સવિનય જણાવવાનું કે શ્રી સમસ્ત મહાજનએ ૧૬ મહિના પહેલાં નિર્ણય કરેલ કે રાયપુરમાં સંપૂર્ણ જ્ઞાતિનું સંમેલન તા.૨૬,૨૭,૨૮ ડિસેમ્બર ૨૦૧૪ના દિવસે કરવું. તે પ્રમાણે રાયપુર મહાજનના આગેવાન અને કાર્યકર્તા) જોર શોર, ઉત્સાહ અને ઉમંગભેર સમ્મેલનની તૈયારીમાં લાગી ગયા અને લગભગ ૫૦ટકા જેટલી તૈયારીઓ પૂર્ણ પણ થઈ ગઈ છે. સંપૂર્ણ સમાજને આમંત્રણો પણ મલી ગયા તેના અનુસંધાનમાં નાતના આદરણીય સભ્યો હોંશે હોંશે રાયપુર સંમેલનમાં આવવાની તૈયારીમાં લાગી ગયા. સંપૂર્ણ ભારતના મહાજનોએ રાયપુર સંમેલન બાબત ઉમંગ સાથે મક્કમ નિર્ણયો લેવાનો નિશ્ચય કરેલ છે. યુવાઓને પણ આ સંમેલનથી નવી દિશા મલવાની અપેક્ષાઓ છે. આ સંમેલન શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિનો વર્લ્ડ સંમેલન સમ હોઈ તે પ્રમાણે ઘણા મહાનુભાવોએ પોતાની ટિકીટ પણ કરાવી લીધેલ છે.

તા.૨૬.૧૦.૨૦૧૪ના રોજ રાયપુર મહાજનની એ.જી.એમ. મીટીંગમાં અધ્યક્ષ મુંબઈ મહાજન શ્રી નયનભાઈ ભેદા સાથે સ્પીકર ફોનમાં સર્વે રાયપુર મહાજનના સભ્યોથી વાર્તાલાપ થયો.

આ વાર્તાલાપથી રાયપુર મહાજનના સભ્યોને ખુબ આઘાત લાગ્યો કે જે સંમેલનની તૈયારીઓ અમે ઘરની દીકરીના લગ્ન પ્રસંગ જેવી કરી રહ્યા છીએ તે લગ્ન તો ફોક જવાનું છે, એમ સમજ પડી.

અમોને એ વાતનો રંજ નથી કે આ તૈયારીઓમાં રાયપુર મહાજનની માતબર એવી મુલ્યવાન રૂ.૪.૫૦થી ૫ લાખની રકમ વેડફાઈ જશે, સાથે અમુક સભ્યોના વ્યક્તિગત રૂપે પણ ૧૦-૨૦ હજાર ખર્ચાઈ ગયા. અમોને દુઃખ એ વાતનું નથી કે રકમ વેડફાઈ પરંતુ સમાજના સભ્યોનો એ જે ૩-૪ મહિનાનો મુલ્યવાન સમયથી સાથે વ્યવસાયિક વ્યસ્તતા મધ્યે વ્યક્તિગત નુકસાન કરી જે ભાગ દોડ થઈ, તેનું દુઃખ છે.

અમોને રંજ એકજ વાતનો છે કે જ્યારે મુંબઈ મહાજન સહિત સમસ્ત મહાજનોને સંમેલન સ્થળ અને તારીખની જાણ ૧૬મહિના પહેલાંથીજ હતી તો પછી રવિવાર તા. ૨૬.૧૦.૨૦૧૪ ના શ્રી નયનભાઈ ભેદાના ફોનમાં જણાવ્યા પ્રમાણે મુંબઈ મહાજને પર્યુષણ પર્વ દરમિયાન મુંબઈ મહાજનની ચુંટણીનો નિર્ણય લઈને સંમેલનનો ઉત્સાહ ઓછો કેમ કરી નાખ્યો? (મુંબઈ મહાજનની) ચુંટણીની તારીખ આગળ પાછળ કરી શકત. સંમેલન બાબત ૨૦૧૩માં મુંબઈ મહાજનની હાજરી અને સહમતિથી તારીખ અને સ્થળ નક્કી થયેલ હતા તો પછી પાછળ વળીને જોવાની વાત કેમ આવી? પીછેહટ કેમ? મુંબઈ મહાજને પોતાની ચુંટણીનો સમય પહેલાં ૨૧ ડિસેમ્બર નક્કી કરેલ જે અમાવસ્યાનું કારણ બતાવી તે ૨૮ ડિસેમ્બર કરવામાં આવી. તો આજ કારણે ચુંટણી ૭ દિવસ પહેલાંની ૧૪ ડિસેમ્બર રવિવારની તારીખ નક્કી થઈ શકી હોત. આતો સહયોગ કરવાની જ વાત હતી.

મુંબઈ મહાજન સર્વે મહાજનમાં મોટું મહાજન હોવાના કારણે મોટા ભાઈની ભૂમિકામાં છે, તો તે મન મોકળું રાખી સમાજની એકતા, અખંડતા અને વિકાસ માટેની જવાબદારીઓ સમજી રાયપુર સંમેલનને સફળ બનાવવા પુરો યોગદાન આપી શકત. પરિવારને એક રાખવામાં મોટા ભાઈનું યોગદાન મહત્ત્વપૂર્ણ હોય છે.

આજે બીજો પ્રશ્ન સમસ્ત મહાજનની ભૂમિકા મહત્ત્વ અને કાર્યશૈલી માટે પણ ઊભો કરવામાં આવી રહ્યો છે તો આથી પહેલાં આ વાત મહત્ત્વપૂર્ણ મંચ ઉપર સમસ્ત મહાજન સંમુખ રાખીને યોગ્ય સુધારા કરી શકાયા હોત. કોઈના પણ અહમ ટકરાયે તે સમાજ હિતમાં નથી.

સારું થાત જો રાયપુર મહાજનની સંપૂર્ણ મહાજનો/સંગઠનોથી જે નમ્ર વિનંતી કરવામાં આવેલ કે સંમેલનનાં સમય દરમિયાન સમાજ /સંગઠનો અને મહાજનોનાં કોઈ કાર્યક્રમો ગોઠવવા નહીં. જો તમો અમારી વિનંતીને માન આપત તો જે ગૈરસમજ ઊભી થઈ છે, તે ટાળી શકાઈ હોત અને સંપૂર્ણ સમાજની એકતાની જ્યોત અખંડ રહેત.

વિશેષમાં સવિનય જણાવવાનું કે રાયપુર મહાજનને સંમેલનની જાહેરાતો પ્રકાશિત કરવા KDO World ને ઈમેલ કરેલ પણ અફસોસની વાત છે કે તે જાહેરાતો KDO World માં પ્રકાશિત કરવામાં આવી નહીં.

વધારે શું લખીએ તમો પોતે સમજદાર છો ઓછા લખાણમાં વધારે સમજો. ભુલ ચુક (થઈ હોય તો) 'મિચ્છામી દુક્કડમ્'

- તરૂણ શિવજી શાહ

**અધ્યક્ષ- શ્રી. છ. ગ. ક. ઓ. જૈન જ્ઞાતિ મહાજન** જા x ખ

## શ્વેતાંબર મુર્તિપૂજક સાધુ સંમેલનમાં પસાર થએલા અગત્યના ઠરાવો

**વિક્રમ સંવત૧૯૯૦ના ફાગણ એટલે કે અંદાજે માર્ચ ૧૯૩૪માં અમદાવાદ મુકામે નગરશેઠના પ્રયત્નો પરિણામે એકત્ર થએલ મુનિ સંમેલનમાં તેત્રીસ દિવસની લંબાણ ચર્ચાને અંતે પણ વિવિધ પક્ષવાળા તમામ મુનિરાજો એકમિત પર આવી શકયા હતા. નવ મુનિરાજોની સમિતિએ સર્વાનુમતે નીચેના અગીઆર ઠરાવો પસાર કર્યા હતા જે આજે પણ પ્રસ્તુત છે.**

**૧. દીક્ષા :**

૮ થી ૧૬ વર્ષની ઉંમર સુધી માતા - પિતા કે વાલીની લેખિત સંમતિ વિના દીક્ષા અપાય નહીં.

જે ગામમાં દીક્ષા લેવાની હોય ત્યાંના બે સ્થાનિક આગેવાન લેખિત સંમતિની દીક્ષા લેનારના ગામમાં જઈ રે ખાત્રી પછીજ દીક્ષા આપવી. દીક્ષાની યોગ્યતાની પરીક્ષા દીક્ષા દેનાર પોતે કરે પછી બીજા સંઘાડાના બે આચાર્યોની સંમતિ મેળવવી.

દીક્ષા પ્રશસ્ત સ્થાનમાં શુભ મુહુર્તમાં જાહેર રીતે અપાવી. દીક્ષા લીધા પછી નવદીક્ષીતને સ્થવીર પાસે રાખવો અથવા (માતા) પિતાએ દીક્ષા લીધી હોય તો તેમની પાસે રાખવો.

૧૬ થી ૧૮ સુધીનાને હાલમાં લેખિત સંમતિ વીના દીક્ષા ન આપવી તેના માટે ઉપર મુજબના નિયમો સમજવા.

૧૮ વર્ષ પછીનાને માતા પિતાની સંમતિ મળ્યા પછી દીક્ષા આપવી પણ તે પ્રયત્નો કરવા છતાં રજા ન મળે તો દીક્ષા લઈ શકે છે.

દીક્ષા લેનારે પોતાની સ્ત્રી, ભગીની, પુત્રી, પુત્રાદિના નિર્વાહનો યોગ્ય બંદોબસ્ત કરેલો હોવો જોઈએ.

દીક્ષા લેનારના જે અઢાર દોષ ગણાવવામાં આવ્યા છે તે ત્યાગવા.

શુભ મુહુર્તે દીક્ષા આપવી.

અતિશય વૃદ્ધાવસ્થા ન થાય ત્યાં સુધી દીક્ષા આપવી.

પ્રશસ્ત વડીલ કે ગુરૂને પુછીને દીક્ષા આપવી.

**૨. દેવદ્રવ્ય :** દેવદ્રવ્ય જિનચૈત્ય જિનમુર્તી વિના ન વપરાય. મદિરમાં કે બહાર પ્રભુને નિમિતે જે જે બોલી બોલાય તે દેવદ્રવ્ય ગણવી.

ઉપધાનમાલાદિની ઉપજ દેવદ્રવ્ય ગણવી.

પોતાનાથી બને તેટલો જિન ભક્તિનો લાભ લેવો. જરૂર પડે તો દેવદ્રવ્યમાંથી પણ પુજા કરાવવી.

તીર્થ અને મંદિરના વહીવટ માટે જરૂરી રકમ રાખીને બાકીની રકમ તીર્થોદ્ધાર જીર્ણોદ્ધાર તથા નવીન મંદિરમાં આપવી જોઈએ.

**૩. શ્રમણસંઘ :** શ્રમણ પ્રધાન જે સંઘ તે શ્રમણસંઘ એટલે સાધુ છે જેમાં પ્રધાન એવો સાધુ-સાધ્વી, શ્રાવક - શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ તે શ્રમણ સંઘ.

શ્રાવક - શ્રાવિકાને તેમના કાર્યમાં સત્તા છે. સાધુ - સાધ્વીઓ ઉપર તેમના વડીલની સત્તા છે.

કોઈ સાધુ અત્યંત અનુચીત કરે તો શ્રાવક સંઘ ઉચિત કરી શકે છે. પણ એનો દુર ઉપયોગ થવો જોઈએ નહીં.

**૪. સાધુ સંસ્થાની પવિત્રતા :** એક સમુદાયનો સાધુ બીજા સમુદાયમાં રહી શકે નહી પરંતુ કેવળ અભ્યાસ કરવા જતો હોય તો અભ્યાસાર્થે સાથે રાખી શકાય.

જે સાધુનો કોઈ વડીલ ન હોય તેને બીજા સમુદાયના સાધુ રાખી શકે છે.

બેથી ઓછા સાધુ અને ત્રણથી ઓછી સાધ્વીઓએ રહેવું યોગ્ય નથી.

**૫. તીર્થ સંબંધ :** જીર્ણોદ્ધાર માટે સાધુઓએ ઉપદેશ આપવો.

સાધારણ દ્રવ્યની વૃદ્ધિ થાય તેવો ઉપદેશ આપવો.

મંદિરની પ્રાચીનતા ભુંશાય નહીં તે માટે ઉપદેશ આપવો.

**૬. સાધુઓને જ્ઞાન :** વડીલોએ પોતાના સાધુઓને આગમોનો અભ્યાસ કરાવવો.

વડીલોએ પોતાના સાધુઓની જેમ દર્શન શુદ્ધિ વધે તેમ પ્રયત્ન કરવો. બ્રહ્મચર્યાદિ ચારિત્રમાં વૃદ્ધિ થાય તેમ કરવા વડીલોએ પ્રયત્ન કરવો.

સાધુઓને વ્યાકરણ, ન્યાય, કાવ્ય કોષાદિનો અભ્યાસ કરવા માટે સંસ્થા ખોલવાનો ઉપદેશ આપવો.

**૭. દેશના :** સાધુઓએ શ્રોતાને મિથ્યાત્વ કે પાપની વૃદ્ધિનું પોષણ ન થાય તે ધ્યાનમાં રાખી વિતરાગ પ્રણીત ધર્મ પ્રધાન દેશના આપવી.

**૮. શ્રાવકો પ્રત્યેનું સાધુ કર્તવ્ય** : શ્રાવકો-શ્રાવિકાઓની ભક્તિ વૃદ્ધિ કરવા સાધુઓએ ઉપદેશ આપવો.

**૯. સંપ વૃદ્ધિ :** વ્યાખ્યાનાદિમાં આક્ષેપ કરવા નહીં. લોકોમાં ભીન્નતા ન દેખાય તેવી રીતે વર્તન રાખવું. છાપામાં સામસામાં આક્ષેપો લખવા કે લખાવવા નહીં અને બંને ભેગા થાય ત્યાં યોગ્ય ઉચિત સાચવવું.

**૧૦. ધર્મ તથા તિર્થ સામેના આક્ષેપોનો પ્રતિકાર કરવા :** પાંચ વરિષ્ઠ સાધુઓની કમીટી નીમવામાં આવે છે, તેમણે મળીને નિયમાવલી કરવી.

**૧૧. રાજ્ય સત્તાની દખલગીરી :** ધર્મમાં રાજસત્તાના પ્રવેશને અયોગ્ય માને છે.

હાલના અનિચ્છનીય વાતાવરણ માટે આ પટ્ટક નિમિતે આ નિયમો કર્યા છે. આ નિયમો વિરૂધ્ધ કોઈ કરશે નહી કરવવા પ્રયત્ન કરવો નહીં.


॥ જય ગૌભકત શ્રી શંભુ મહારાજ ॥

"જય કચ્છ" "જીયો કચ્છી"

जय श्री महाराणा प्रताप

जय श्री छत्रपति शीवाजी जय श्री सरदार वल्लभभाई पटेल जय श्री नेताजी सुभाषचन्द्र बोस जय श्री लालबहादुर श्रास्त्री

**શ્રી·BHALARA DADA ESTATE AGENCY GROUP (Parivar)**

*Labdhi Momaya (Social Worker)*

**M. : 098253 51001**

Shop No. 4, Plot No. 50, Sai Lilashah Complex, Ward 12/C, Lilashah Nagar, Gandhidham (Kutch) 370201.

**E-mail : dadabhalara@yahoo.in Website : www.dadabhalara.in**


## જીવસેવા માટે દર્દભરી અપીલ : જખૌ પાંજરાપોળને મદદ કરો

**સકળ સંઘ, સાધુ - સાધ્વી - ગણિવર્ય, જૈનેતરો તેમજ સંઘો, સમસ્ત હિન્દુ અને જૈન ટ્રસ્ટો, દેરાસરજીઓ, સ્થાનકોને મુંગા - અબોલો જીવોને કારમા દુષ્કાળમાં બચાવવા શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા (રજી. ઈ. ૩૦૨ (કચ્છ) માટે ચારા રૂપી, રોકડ - કેશ જે યથા યોગ્ય હોય તે મદદ માટે દર્દ ભરી કરૂણા ભીની અપીલ છે.**

**કંપનીઓ, સાર્વજનિક તેમજ અન્ય સંસ્થાઓને પણ આ દાન યજ્ઞમાં સહાય રૂપ થવા, ભગવાનશ્રી મહાવીર સ્વામીના અભયદાન, અપરીગ્રહ, અહિંસાના ચાહકો - આરાધકો, આપના ગ્રામ - શહેરના, આપની આસ- પાસ રહેતા જખૌ નિવાસી, જખૌ જૈન દેરાસરજીના મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી જખૌ મહાજન શ્રીના પ્રમુખશ્રી દ્વારા આપની સહાયતાનો હાથ જરૂર લંબાવી આ કપરા સંજોગોમાં 'જીવો અને જીવાડો' ના સુવાકયને સાર્થક કરો.**

**ખાસ સર્વે આચાર્ય ભગવંતશ્રીઓ, જૈન દેરાસરજીઓ આ યજ્ઞમાં આપનો યશસ્વી ફાળો જરૂર મોકલો.**

**કરણાભરી અપીલ કર્તા : લબ્ધિકુમાર ભવાનજી મોમાયા.**

**(જાહેર સામાજિક કાર્યકર) ગાંધીધામ મો. 09825351001**

## આરોગ્ય પ્રકાશઃ વજન - અરુચિ - બ્લડ પ્રેશર વિશે પ્રશ્નોતરી

**પ્રશ્ન : શું વજન ઉતારવામાં ઉપવાસ (ફાસ્ટિંગ) મદદરૂપ થાય?**

**ઉત્તર :** ના જરાય નહીં. ઉપવાસથી તો બાજી બગડશે. શરીરને પૂરતું ઈંધણ (ખાવાનું) નહીં મળે તો એનાથી ચયાપચયની ક્રિયા મંદ પડી જશે. ખાઈને તમારું શરીર જે ઝડપથી કેલરી બાળે એ તમે કંઈ નહીં ખાઓ એટલે બળશે કે ખર્ચાશે નહીં. તમારું વજન ઊતરશે તો પણ એ વોટર અને મસલ ઘટશે, ચરબી નહીં.

ઉપવાસ પછી જ્યારે તમે પાછાં નોર્મલ પર આવશો ત્યારે ઉપવાસ દરમિયાન ઉતારેલું વોટર વેઈટ પાછું આવશે અને પહેલાં હતું એના કરતાં વજન વધશે. કેમ કે ચયાપચયની ક્રિયા મંદ પડી જવાથી કેલરી પણ પહેલાં જેટલી ઝડપથી ખર્ચાશે નહીં. ઘણા લોકો શરીરમાંથી ટોક્સિન (સૂક્ષ્મ જંતુ) નીકળે એ માટે પણ ઉપવાસ કરતા હોય છે. અમુક ચોક્કસ સમય માટે ભૂખ્યા રહેવાથી ટોક્સિન નીકળી જાય એવા કોઈ પુરાવા હજી મળ્યા નથી.

લાંબા ગાળાના ઉપવાસ પર જાતજાતના તર્ક - વિતર્ક થઈ રહ્યા છે (દિવસો, મહિનાઓ સુધી આખા દિવસમાં માત્ર જ્યુસ કે પાણી પર રહેવું કે માત્ર ફ્રુટસ જ ખાવાં, વગેરે) ખરેખર તો આવા ઉપવાસ ડેન્જરસ બની શકે. ખાસ કરીને જેમને કોઈ માંદગી હોય એવો લોકો માટે.

**પ્રશ્ન : મારી આઠ વર્ષની દીકરી ખાવામાં બહુ અખાડા કરે છે. એને અમુક જ ચીજો ભાવે છે, એ પણ બહુ જ ઓછી... શું કરું?**

**ઉત્તર :** આ તમારા જ નહીં, પણ દુનિયાનાં મોટા ભાગનાં બાળકોનો પ્રોબ્લેમ છે. જુદાં જુદાં બાળકોને જુદી જુદી ચીજો ભાવતી હોય છે. આમાં બહુ ચિંતા કરવા જેવું નથી. હા, જો સમસ્યા ગંભીર હોય તો તમે આટલું કરી શકોઃ

એને વિવિધ પ્રકારનો આહાર આરોગવા પ્રોત્સાહિત કરો. એની સામે તમારી પસંદની ચીજવસ્તુ મૂકી એને પસંદગી કરવાની તક આપો. દાખલા તરીકે, એને ઘઉંની રોટલી અને દાળિયા, દાળ અને ખીચડી અથવા ભાત અથવા રાઈસ, નૂડલ્સ, વેજીટેબલ સૂપ અથવા સલેડ્સ, કોબી અથવા બીજું કોઈ શાક. સમયાંતરે વરાઈટી બદલાતાં રહો, જેથી એ વિવિધ આહારમાંથી જુદી જુદી જાતનાં પોષણ મેળવી શકે.

એને પ્રેક્ટિલ દ્વારા વિવિધ વાનગીનાં મહત્વ સમજાવો. તમે બજારમાં કંઈ લેવા જાઓ ત્યારે એને તમારી સાથે લઈ જઈ શકો. એ રીતે એને ખાવા - પિવાના ચીજોમાં રસ પડશે.

રસોઈ બનાવતી વખતે, ખાસ કરીને તમારી દીકરી માટે કંઈ બનાવતાં હો ત્યારે રાંધણકળામાં વિશેષ ધ્યાન આપો. જે કંઈ બનાવો એનું પ્રેઝન્ટેશન, ટેમ્પરેચર તથા સાઈડ ડિશીસ પર વિશેષ ધ્યાન આપો, એને મજા પડે એ રીતે વાનગીને બનાવી - સજાવીને એની સામે મૂકશો તો એને રસ પડશે જ. એને ન ભાવતી વાનગી પણ જો થોડા એક્સપરિમેન્ટ કરીને એને ભાવે એ રીતે બનાવશો તો એને ભાવશે જ.

એને માટે બેલેન્સ ડાયેટ તૈયાર કરો. એને જે ન ભાવતું હોય એ વાનગી અલ્પમાત્રામાં પીરસો. એ ભાવવા માંડે પછી ધીમે ધીમે વધારતાં જાઓ.

એને ભાવે છે એટલે તળેલું જ આપ આપ ન કરવું. આમાં સ્થૂળતાનો ડર રહે છે. સમયે એ બરાબર ખાતી નથી એટલે એને ઈન્સ્ટન્ટ નૂડલ્સ કે નાસ્તા આપ્યા ન કરશો. આમ કરશો તો એ ક્યારેય જમતાં શીખશે નહીં.

ખાવા માટે એને ધમકાવશો નહીં. આનાથી વાતાવરણ તો ડહોળાશે જ. એની સાથેના તમારા સબંધમાંય તિરાડ પડશે.

**પ્રશ્ન : મને લો બ્લડ પ્રેશરની સમસ્યા છે. મહિનામાં બે - ત્રણ વાર ચક્કર આવી જાય છે. હું**


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

ચાતુર્માસ સમાપ્તિ નિમિત્તે
આ મહિનાઓમાં વિવિધ સંઘોનું
માર્ગદર્શન કરી સુકૃતોમાં
નિશ્રા આપનારા ગુરુભગવંતોની
ભાવભરી અનુમોદના...
- તન - મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

**દવા તો નિયમિત લઉ છું, ખાવા - પીવામાં કંઈ ફેરફાર કરું તો આ પ્રોબ્લેમથી છુટકારો મળે ખરો?**

**ઉત્તર :** જો તમને મહિનામાં બે - ત્રણ વાર ચક્કર આવતાં હોય તો સૌથી પહેલાં તો તમારે ડોક્ટરને બતાવી દેવું જોઈએ. લો બ્લડ પ્રેશરનું કારણ હોઈ શકે, થાઈરોડ હોઈ શકે, એનિમિયા હોઈ શકે, બ્લડ સુગર લો હોઈ શકે અથવા બીજો કોઈ મંદવાડ. જો પરિવારમાં કોઈને આ સમસ્યા હોય તો તમારે વધારાની કાળજી લેવી જોઈએ.

**ખાણી - પીણીમાં આટલું કરો :**

થોડ - થોડા સમયે થોડું અને હળવું ખાવાનું ખાતાં રહો. યાદ રહે - જે કંઈ ખાઓ એ સહેલાઈથી પચી જાય એવું હોવું જોઈએ. ઝટ પચી જાય એવો હળવો ખોરાક બ્લડ પ્રેશરને ઘટતું અટકાવશે. આખું અનાજ, શાકભાજી અને ફળ જેવાં હેલ્ધી ફૂડને તમારા રોજિંદા આહારમાં ઉમેરો. પ્રોસેસ્ડ ફુડ ટાળો. પ્રવાહી ખુબ લેવાનું રાખો. તમે જે પણ સમયે ભોજન લેતા હો એની વચ્ચે વચ્ચે નાળિયેરપાણી, તાજી - પાતળી છાશ, લીંબુનું પાણી પીવાનું રાખો. રાંધવામાં સ્ટીમિંગ અને બેકિંગ પર પસંદગી ઉતારો. એનાથી ભોજનમાં પોષક તત્વ જળવાઈ રહેશે. દિવસના દસેક ગ્લાસ પાણી પીવાનું રાખો. ડિહાઈડ્રેશન લીધે પણ લો બી.પી. થઈ શકે. તમારે નિયમિત એક્સરસાઈઝ કરવી જોઈએ. તમને જે ગમે તે હળવી - ભારે કસરત કરો, જેમ કે વોકિંગ કે સ્વિમિંગ. નિયમિત એક્સરસાઈઝ રક્તપ્રવાહ વધારશે. તંદુરસ્ત શરીર માટે મગજ શાંત રહે એમાં હંમેશા સારા વિચાર આવે એ માટે યોગાસન અને ધ્યાન પણ કરવાં જોઈએ.

**જય શ્રી સચ્ચામાં દંડ પરિવાર (સેવક ભરૂડીયા)**

**નુતન વર્ષાભિનંદન**

સેવક ભરૂડીયા મધ્યે બિરાજમાન આપણા **કુળદેવી શ્રી સચ્ચામાની દસમી પહેડી** તથા **સ્નેહમિલન** આપણે **દાદીશ્રી મીઠામા ગોવિંદજી ખીમજી દંડ પરિવારના સથવારે ઉજવીશું.**

કુળદેવી શ્રી સચ્ચામાની અમીધારા રૂપ અસીમ કૃપાથી પરિવારજનો તેમજ **નીયાણી બહેન દીકરીઓના કુટુંબીજનો સાથે** આ અવસરની ઉજવણી પ્રસંગે ઉમંગના ઉત્સાહથી આપણે સૌ એક અનેરી લાગણી અનુભવીશું.

**સંપૂર્ણ પહેડી તથા સ્નેહમિલનનો અમૂલ્ય લાભ લેનાર ભાગ્યશાળી પરિવાર :-**

- **માતુશ્રી લીલબાઈ કેશવજી ગોવિંદજી દંડ પરિવાર**
- **માતુશ્રી મણીબાઈ જેતશી ગોવિંદજી દંડ પરિવાર**
- **માતુશ્રી દમયંતીબેન જીવરાજ લખમશી દંડ પરિવાર**
- **માતુશ્રી પુષ્પાબેન શાંતિલાલ લાલજી દંડ પરિવાર**

**આ શુભ પ્રસંગે સર્વે ભાવિકોને તેમજ નીયાણી બહેન - દીકરીઓને સહપરિવાર પધારવા શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી ભાવભર્યુ આમંત્રણ છે.**

આ પ્રસંગે ભક્તિગીત તથા રાસગરબાની રમઝટ **નેહા ગડા અને સાથીઓ** દીપાવશે.

**કાર્યક્રમ : રવિવાર તા ૧૧.૦૧.૨૦૧૫ સંવત ૨૦૭૧ ના પોષ વદ ૬**
**સમય : સવારે ૮.૩૦ થી રાતે ૯.૩૦**
**શુભ સ્થળ : જૈનમ કલાસીક (એ.સી) હોલ, ગ્રાઉન્ડ ફ્લોર,**
**એલ.બી.એસ. રોડ, ભાંડુપ (પ) મુંબઈ - ૪૦૦ ૭૮**

આ પ્રસંગે કોઈપણ ભાવિકોને વ્યક્તિગત અથવા સમુહમાં કાર્યક્રમ આપવાની ઈચ્છા હોય તેમણે તા ૦૧.૦૧.૨૦૧૪ સુધીમાં નીચે જણાવેલ કાર્યકરોને જાણ કરવા નમ્ર વિનંતી.

મનોજ દંડ : 9821334417
મયુર દંડ : 9819663555
પંકજ દંડ : 9004841222
ચંદ્રેશ દંડ : 8097350740
નીલેશ દંડ : 9821402770
અલ્પેશ દંડ : 9320057598
ચેતન દંડ : 9821350952

**એજ લિ. શ્રી સચ્ચામા દંડ પરિવાર કાર્યકર ગણ**

**નોંધ : જે ભાવિકો તથા નીયાણી બહેન દીકરીઓના સરનામા બદલાયા હોય અથવા નિમંત્રણ પત્રિકા ન મળતી હોય તો તેમણે ઉપરના કાર્યકરોને જાણ કરવા વિનંતી છે.**

**॥શ્રી સચ્ચામા દંડ પરિવારના જય માતાજી॥**

## શ્રીમતી ચંપાબાઈ ઉમરશી જૈન (નાગડા) ને ઉત્તમ મહિલા ગૃહઉદ્યોગ ગૃહિણી એવોર્ડ

છેલ્લા ૩૦-૩૫ વર્ષોથી દાવણગીરી (કર્ણાટકામાં) રહેતા નલીયાના શ્રી જેઠાલાલ ઉમરશી નાગડાનાં ધર્મપત્ની સૌ. ચંપાબાઈને તાજેતરમાં (ગયા મહિને) 'દાવણગીરી જિલ્લા વનિતા ઉદ્યોગ સંઘની પ્રેરણા સંસ્થા દ્વારા ઉત્તમ મહિલા ગૃહઉદ્યોગ ગૃહિણી એવોર્ડ એનાયત કરાયેલ છે.



શ્રી અંબા મહિલા ઉદ્યોગ તેમજ પરિવારજનો માટે ઘણી જહેમત લે છે. સંચાલક : શ્રીમતી ચંપાબાઈ ઉમરસી જૈન તથા પુત્રવધુ : જ્યોતિ ભુપેન્દ્ર જૈન (નાગડા) નલીયા

અંબા મહિલા ઉદ્યોગની સ્થાપના ૮-૯ વર્ષ અગાઉ થયેલ છે. જેમાં ચંપાબેનની સાથે તેમના બે સુપુત્ર, બે પુત્રવધુઓ વગેરે મળીને વિવિધ પ્રકારના ટેસ્ટવાળા પાપડ તથા જવાર રોટી વગેરે બનાવે છે.

આ યુનિટમાં ૮-૧૦મહિલાઓ એક શિફ્ટમાં મશીનરી પર દિવસના ૬૦-૮૦ કિલો (કાચો માલ) દ્વારા ૧૫-૨૦ જાતના ટેસ્ટવાળા પાપડ બનાવે છે.

તેઓ કાચો માલ વચેટીયા ન રાખતા, સીધેસીધો ખેડૂત પાસેથી મંગાવે છે. જેથી ખેડૂતોને વધારે ભાવ મળે. પેકીંગ મટીરીયલ બોક્સ વગેરે પણ લોકલમાં ખરીદી કરે છે. સાબુદાણા તથા સ્ટાર્ચ મકાઈ વગેરે બેંગ્લોરને આજુબાજુથી ખરીદી કરે છે.

માલ તૈયાર કર્યાબાદ પોતાની outletમાં જથ્થાબંધ ભાવે વેચાણ કરે છે.

મોટી પુત્રવધુ સૌ. જ્યોતિ ભૂપેન્દ્ર જૈન (નાગડા) મુખ્યત્વે, પ્રોડક્શન તથા નાણાંકીય જવાબદારી સંભાળે છે. નાના પુત્ર હરીશભાઈ મશીનરી જાળવણી (જરૂરી સુધારા વધારા પોતે જ કરેલ છે) તથા marketing સંભાળે છે.

કર્ણાટકના મોટી ભાગના વિસ્તાર તથા ગોવા વગેરે સ્થળે પણ એમનો તૈયાર માલ વેચાણ થાય છે. 'જવારા રોટી' 'Jwara Roti' જે આ વિસ્તારમાં લોકલ વ્યક્તિઓનો મુખ્ય ખોરાક છે તે પણ દરરોજની ૧૫-૨૦ કિલોની બનાવે છે. નજીકના ભવિષ્યમાં 'Frymes' ની નાના પાયે શરૂઆત કરી, તેનું પણ પ્રોડક્શન કરવાની ભાવના છે.

એવોર્ડના ફોટા તથા સમાચાર અત્રેના લોકલ પેપર 'વિજય વાણી', પ્રજા વાણી 'Deccan Herald' વગેરેમાં પ્રગટ થયેલ છે.

કોઈ પણ જ્ઞાતિજનને આ લઘુ ઉદ્યોગ વિશે વધારે માહિતી, પ્રશિક્ષણ લેવાની ઈચ્છા હોય તો જરૂરથી તેમનો સંપર્ક કરે: 'અંબા મહિલા ઉદ્યોગ' ચંપાબેન જેઠાલાલ નાગડા (નલીયા-દાવણગરી) ફોન : 08192214022 Cell: 09448729011

*- પદમ કુમાર નાગડા*


**લગ્નસંબંધી**

**મૂળ તેરા ગામના હાલે કલીકટ રહેતા તથા કાપડના કેન્વાસીંગ એજન્ટનું કામ કરતા ૧૯૮૭ ઓગસ્ટમાં જન્મેલા બી.કોમ. ભણેલા યુવક માટે લગ્નસંબંધી પુછપુરછ આવકાર્ય છે. સંપર્ક: 09895658397**

**લગ્નસંબંધી: મુંબઈ સ્થિત 1992 માં જન્મેલ B.com ભણેલી 5'2' ઊંચાઈ અને ૫૦ કિલો વજન ધરાવતી ઘંઉવર્ણી સંસ્કારી ઘરની કન્યા માટે મુંબઈ - પુના - નાસિક જેવા નિકટના શહેરોના ભણેલા યુવકો કે તેમના કુટુંબીજનો તરફથી લગ્ન સંબંધી પુછપરછ આવકાર્ય છે. સંપર્ક : 09324798986**

## 'માનવજ્યોતની ધી ગાઈડ ટુ સોશ્યલ વર્ક-મુંબઈ'ની બે વોલ્યુમમાં ૧૨મી આવૃત્તિ પ્રકાશિત થઈ

માનવજ્યોતે મેડિકલ તેમ જ સામાજિક ક્ષેત્રે કાર્યરત ૬૦૦૦થી વધુ વિવિધ સંસ્થાઓના નામ, સરનામા અને ફોન નંબર, સાથેની વિગત 'ધી ગાઈડ ટુ સોશ્યલ વર્ક-મુંબઈ'ને બે વોલ્યુમમાં પ્રકાશિત કરી છે.



લોકોપયોગી સાહિત્ય પ્રકાશિત કરી સમાજસેવાને સરળ બનાવતું આ કામ ખરેખર સુંદર રીતે સંકલિત કરવામાં આવ્યું છે.

આજ સુધી ૩૦,૦૦૦ થી વધુ પ્રતો છપાવી સમાજસેવાના કાર્યને વિશાલ ફલક પર લઈ જવામાં સંસ્થાએ ઉલ્લેખનીય ફાળો આપ્યો છે.

મેડિકલ ક્ષેત્રે હોસ્પિટલો, એમ્બ્યુલન્સ સેવાઓ, સીટી સ્કેન, એમ.આર.આઇ. સેન્ટરો, માંદગીમાં, માવજતના સાધનો અને ઓકસીજન સેવા મેડિકલ સેંટરો, ચક્ષુદાન, દેહદાન, કીડની ડાયાલીસીસ સેંટરો, કેન્સર, ટી.બી., એક્યુપ્રેશર સેંટરો, ફીઝીયોથેરપી, ડેન્ટલ કલીનીક, યોગા વિગેરે ૧૦૮ વિષયો પર નામ, સરનામા, ફોન નંબરવાળી વિગત અત્યંત સુંદર રીતે પ્રકાશિત કરી છે.

ધી ગાઈડના બીજા વોલ્યુમમાં વૃધ્ધાશ્રમો, મહિલાશ્રમો, ટીફીનસેવા, અંધજનો, બહેરા-મંગા, ગરીબોને ભોજન, સિનીયર સિટીઝન, બાળક દત્તક જેવા ૩૫ જેટલા વિવિધ વિષયો પર સેવારત સંસ્થાઓના નામ, સરનામાં, ફોન નંબર આવરેલા છે.

સમાજસેવામાં અત્યંત ઉપયોગી એવું આ પુસ્તક દરેક સમાજસેવકની ગીતાનું કામ કરશે. સંકલનકારને હાર્દિક અભિનંદન. તે બદલ આ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સમાજસેવક શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયાએ આ ગાઈડ પ્રકાશિત કરી માનવસેવાના લક્ષ્યને હાંસલ કરવાની પરમ પાવન પગદંડી અને સેવાની ધુણી ધુપસળી બનવાની દિશા સુચવી છે. **- ડો. જે.પી.ખોના**

---

## પ્રથમ પુણ્યતિથીએ સ્મરણાંજલિ

**સાંધવ - ગાંધીધામ**



**અરિહંત શરણ : તા. ૧૨.૧૧.૨૦૧૩**

## વીરચંદ લાલજી પટેલ (લોડાયા)

***આપની ચિરવિદાયને વીત્યું વર્ષ એક, આપ વિસરાયા હો એવી પળ નહીં કોઈ એક..***
***સત્કર્મ બળે ઉચ્ચગતિપામો..... જીવન વીતાવ્યું કરતાં કામો નેક!***

**ધર્મપત્ની : જયાબેન વીરચંદ પટેલ**
**પુત્રવધુ - પુત્ર : શિલ્પા પરેશ લોડાયા**
**પુત્રીઓ : કુ. જયશ્રી વીરચંદ પટેલ**
**શ્રીમતી અલ્પા હિતેશ શાહ (નાગડા), દોહિત્ર : રોનિલ હિતેશ શાહ (નાગડા)**

# માતૃત્વ અને કારકિર્દીનો સુમેળ શક્ય છે

વનિતા



વિશ્વ

સવા વર્ષ અગાઉ ત્રીજા સંતાનને જન્મ આપનારી ભારતની મહિલા બોક્સર 'મેગ્નિફિસન્ટ મેરી' એ ૧૭મી એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો. એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેળવનારી પ્રથમ ભારતીય મહિલા બોક્સર બનવાનું સન્માન મેળવનારી મેરીએ આ સુવર્ણચંદ્રક પોતાના સંતાનોને અર્પણ કર્યો છે. પાંચ વખત વર્લ્ડ ચેમ્પિયન બનેલી મેરીએ ગોલ્ડ મેડલ જીત્યા બાદ પોતાના સૌથી નાના દીકરા પ્રિન્સ ચુન્ગથાંગલેન કોમ પર વહાલ વરસાવી ખુશી વ્યક્ત કરી હતી.

જોડિયા સંતાનો બાદ તેના પરિવારજનો સહિત બધાને એમ હતું કે મેરીની કારકિર્દી પર પૂર્ણવિરામ મુકાઈ ગયું, પરંતુ હાર માની લે તો તે 'મેગ્નિફિશન્ટ મેરી' શાની? બે વર્ષના મેટરનિટી બ્રેક બાદ મેરી ફરી બોક્સિંગ રિંગમાં આવી ગઈ અને બોક્સિંગની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ચોથી વાર ગોલ્ડમેડલ વિજેતા બની બધાનો આશ્ચર્યચકિત કરી દીધા હતા. મેરીએ કહ્યું હતું કે, 'લગ્ન અને માતૃત્વએ મારી કારકિર્દીમાં પડકાર ઊભા કર્યા હતા. મારા પિતાને પણ મારામાં વિશ્વાસ રહ્યો નહોતો,. પરંતુ મારા પતિના સહકારથી હું સિદ્ધિના શિખર સર કરી રહી છું.'મેરીની વાતો ખાસ પ્રેરણાત્મક હોતી નથી પણ તેનું જીવન જ પ્રેરણાદાયી છે. તે કહે છે કે, 'રેસમાં દોડતા તો બધા જ હોય છે, પરંતુ વિજેતા એક જ વ્યક્તિ બને છે. આથી એવી રીતે દોડવું કે વિજેતા બનાય.'

બસ, આજની પરિવાર પ્રેમી છતાં કારકિર્દીલક્ષી મહિલાઓએ મેરીનો આ જ સંદેશ દૃઢતાથી અપનાવી લેવા જેવો છે. આજે સામાજિક માળખામાં આવેલા પરિવર્તનને લીધે પારંપારિક પારિવારિક ભૂમિકાઓ બદલાઈ રહી છે. એક સમયે પુરૂષને ઘરની કમાનારી અને મહિલાને ઘર સાચવનારી વ્યક્તિ ગણવામાં આવતી હતી. આથી જો કપરા સંજોગોમાં પુરૂષ ઘરના કામ કરે તો તેની મજાક કરવામાં આવતી અને મહિલા કમાવવા જાતી તો તેના ચારિત્ર્યને ઊણું સમજવામાં આવતું હતું. આજે ૨૧મી સદીમાં પણ ભારતીયોના મનમાં ઘર કરી ગયેલી આવી વાતો ભૂંસાઈ નથી છતાં પણ કેટલીક મહિલાઓ હવે પારિવારિક સાથે આર્થિક જવાબદારી પણ સંભાળતી થઈ છે. આ ઉપરાંત આર્થિક જરૂરિયાતને લીધે સુધ્ધાં આજે મહિલાઓ મોટી સંખ્યામાં નોકરી કરતી જોવા મળે છે.

જોકે, સામાજિક પરિવર્તન બાબતે ઘણીવાર વિચાર અને વર્તનમાં મોટો તફાવત જોવા મળે છે. આજે લોકો કારકિર્દીલક્ષી મહિલોને સ્વીકારતા થયા છે, પરંતુ તેને 'માતા' તરીકેની જવાબદારીમાં જરા પણ રાહત આપવા તૈયાર હોતા નથી. મહિલા બાહ્ય જગતમાં પોતાના કતૃત્વને પુરવાર કરવા મથી રહી હોય ત્યારે પણ ગૃહસ્થ જીવનમાં બાંધછોડ કરવાની છૂટ આપવામાં આવતી નથી. જો તે થોડી બાંધછોડ કરે તો મનમાં અપરાધભાવ જાગે એવું વર્તન તેની સાથે કરવામાં આવે છે.

વાસ્તવમાં જોઈએ તો 'વર્કિંગ મધર' શબ્દ પ્રયોગ જ ખોટો છે, કેમકે મધર તો ચોવીસે કલાક કામ જ કરતી હોય છે. વિશ્વના દરેક દેશમાં વર્કિંગ મધરે ઘર અને ઓફિસના કામકાજ વચ્ચે સંતુલન સાધવા અથાક પ્રયાસો કરવા પડે છે. માતૃત્વને લીધે કારકિર્દીમાં બ્રેક લેવો પડે ત્યારે તેને પોતાનું ભાવિ અંધકારમય હોવાનું ભાસે છે. હા, બાળકના ઉછેરમાં તેને આનંદ અને સંતોષ મળે છે પણ પોતાની પ્રતિભા એળે જઈ રહી હોવાનો અફસોસ પણ ભારોભાર થાય છે. બ્રેકનો તબક્કો પૂરો થાય બાદ જ્યારે મહિલા નોકરી કે કારકિર્દીમાં પરત ફરે છે ત્યારે પોતાને સિદ્ધ કરવા ભારે પરિશ્રમ કરવો પડે છે. બ્રેકના સમયગાળા દરમિયાન બદલાયેલી ટેકનોલોજી. સહકર્મીઓ અને પરિસ્થિતિ સાથે તાલ મિલાવતાં તેના નાકે દમ આવી જાય છે. આમાં જો પરિવારજનો ખાસ કરીને જીવનસાથી સહકાર આપે તો થોડી માનસિક તાણ ઓછી થાય છે. છતાં તેણે ભારે ઝઝૂમવું પડે છે.

વિદેશમાં બ્રેક બાદ કારકિર્દીમાં પરત ફરવા ઈચ્છતી મહિલાઓ (આને ત્યાં રિટર્નશિપ કહેવામાં





# જૈન વિશ્વની વિરલ ઘટનાઓમાંથી એક

**નવી દિલ્હી ખાતે ૬૫ જેટલા દીક્ષાર્થીઓએ**
**શનિવાર, તા. ૨૫-૧૦-૨૦૧૪ ના**
**માનનીય રાષ્ટ્રપતિ અને માનનીય વડાપ્રધાન સાથે મુલાકાત લીધી હતી.**
**જેમાં કચ્છ ગામ રાપરગઢવારીના શ્રી હિતેન્દ્ર માણેકજી મોતા**
**તથા તેમના ધર્મપત્ની અ.સૌ. નીશા હિતેન્દ્ર મોતા**
**અને તેમના કલ્યાણ મિત્રોએ માન્યવરોને**
**જૈન દિક્ષાનું મહત્વ બતાવી મુમુક્ષુઓનો પરિચય આપ્યો હતો.**



**આ મુલાકાત દરમ્યાન મુમુક્ષુઓએ આ બન્ને મહાનુભાવોને આગળ ભારત વિશ્વમાં મંગલકારી દેશ બને તેવી અનુમોદના કરી હતી.**
**આ મુમુક્ષુઓમાંથી બહુતાંશ દીક્ષાર્થીઓ માગસર સુદ ૧૦ ને સોમવાર, તા. ૧-૧૨-૨૦૧૪ ના સુરત ખાતે પ્રવજ્યા અધિગ્રહણ કરશે.**



**શુભેચ્છક : અબડાસા (કચ્છ) ગૌશાળા ટ્રસ્ટ,** રાપરગઢવાળી, તાલુકા અબડાસા, જીલ્લો કચ્છ – ૩૭૦ ૬૪૫.

BINITA SATISH MARU : 98690 34162

આવે છે) ને મદદ કરનારા ઘણા જૂથ હોય છે, રિટર્નશિપ કરનારી મહિલાઓને માનસિક રીતે તૈયાર કરવા કાઉન્સેલર્સ પણ હોય છે. તે જ પ્રમાણે તે જે ક્ષેત્રમાં હોય તેમાં બ્રેક દરમિયાન કયા કયા પરિવર્તનો આવ્યાં છે તેનું માર્ગદર્શન પણ તેને આપવામાં આવે છે. વિદેશી કોર્પોરેટ કંપનીમાં 'વુમન રિટર્ન' માટે ખાસ યોજનાઓ હોય છે.

અફસોસ, આપણે ત્યાં આવું કશું નથી. આને લીધે પોતાના પુનરાગમન માટે તેણે પોતે જ લડવું પડે છે. આ વાત સરકારી ક્ષેત્રથી લઈને ગ્લેમરવર્લ્ડ સુધીનાં દરેક ક્ષેત્રને લાગુ પડે છે. હિન્દી ફિલ્મોદ્યોગની એક સમયની નામાંકિત તારિકા માધુરી દીક્ષિત અબે શ્રીદેવીને પણ કેરિયર બ્રેક બાદ પુનરાગમન કરવું મુશ્કેલ બન્યું છે અને સફળતા તો હાથતાળી આપી રહી છે. જોકે, આ બધામાં બોક્સર મેરી કોમે ચીલો ચાતર્યો છે. તે ત્રણ સંતાનને ઉછેરવા સાથે. પોતાની પ્રેક્ટીસ અને બોક્સિંગ ઈન્સ્ટિટયૂટ બંનેમાં પૂરતું ધ્યાન આપે છે. તે વારંવાર એક જ વાત ઉચ્ચારે છે કે, 'મને બોક્સિંગ કરતાં કોઈ રોકી શકશે મહીં.' આવો જુસ્સો હોય તો દરેક વર્કિંગ મધર 'મેરી' બની શકે.

જે મહિલાઓ માટે કામ કરવું જરૂરી ન હોય તેમણે રિટર્નશિપનો નિર્ણય લેતાં અગાઉ અનેક બાબતોનો વિચાર કરવો રહ્યો. સૌપ્રથમ તો તેણે પોતાના અગ્રક્રમો નક્કી કરવા. પોતાના માટે બાળક અને પરિવાર પહેલાં આવે કે કારકિર્દી અને આર્થિક સુરક્ષા વધુ મહત્તવનાં છે? પોતાના સંતાનોની જવાબદારી અન્ય પરિવારજનોને કે નોકર બેમાંથી કોને સોપાશે તો તેને રાહત રહેશે? એક વર્ષથી નાના સંતાનને મૂકીને કામ કરવા જવાનો નિર્ણય કરનારી માતાએ બાળકના જીવનની ઘણી મહત્ત્વની ક્ષણો ગુમાવી દેવા તૈયાર રહેવાનું હોય છે.

વળી નોકરી માત્ર સમય જ નહીં પણ શારીરિક શક્તિ પણ માગે છે. આથી તે માટે પણ માનસિક રીતે સજ્જ રહેવું પડે. વળી આજે દરેક ક્ષેત્રમાં ઝડપથી પરિવર્તન આવી રહ્યુ છે. આથી પુનરાગમન કરતાં અગાઉ લેટેસ્ટ ટેકનોલોજીથી અવગત થવું જરૂરી હોય છે. અન્યથા અગાઉનું પદ અને તેવું કામકાજ મળવું શક્ય નથી. આથી જરૂરી જ્ઞાન મેળવી લેવું અને નવી જવાબદારી સ્વીકારવા સજ્જ થઈ જવું. તે પણ અપરાધભાવ વગર. આર્થિક જરૂરિયાત ઉપરાંત સુખાનંદ માટે પણ કામ કરવું છે તે વિચાર મનમાં દૃઢ કરીને જ ઘરની બહાર પગ મૂકવો અને ત્યારબાદ આવતાં દરેક પડકારને ઝીલી લેવા.

